# વર્ષ ૨૦૨૩-૨૪ ની પૂરક માંગણીઓ પરની ચર્ચા

## તા.૦૭/૦૨/૨૦૨૪ માન. નાણા મંત્રીશ્રીનું પ્રવચન

માનનીય અધ્યક્ષશ્રી,

આજ રોજ પૂરક માંગણીઓની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો અને સુચનો રજૂ કરેલ છે તેની મે નોંધ લીધી છે જે ધ્યાને લઇ આ સન્માનીય ગૃહમાં વર્ષ ૨૦૨૩-૨૪ ના ખર્ચના પૂરક પત્રમાં સમાવિષ્ટ માંગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલ માંગણી નં ૫,૩૯,૪૯,૭૯ અને ૧૦૨ એમ પાંચ માંગણીઓ સર્વાનુમતે પસાર કરવા અનુરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતના પનોતા પુત્ર, વિશ્વ નેતા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલા વિકાસપથ ઉપર મૃદુ અને મકકમ એવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતની ડબલ એન્જીન સરકાર તીવ્ર ગતિએ આગળ વધી રહી છે.

ગત વર્ષના બજેટમાં અમે ગુજરાતના સર્વસમાવેશક વિકાસ માટેના મુખ્ય પાંચ સ્તભને સમાવતું ૩ લાખ ૧ હજાર ૨૨ કરોડનું અંદાજપત્ર રજુ કર્યું હતું. પ્રજાની સુખાકારી તેમજ રાજયના વિકાસ માટે અમારી સરકારે જયાં જરૂર જણાય ત્યાં ખર્ચ કરવામાં પાછી પાની કરી નથી. આથી, જનહિત માટે જયાં જોગવાઇ કરતાં વધુ ખર્ચ કરવાની જરૂર પડી ત્યાં અમે ખર્ચ કરી પૂરક માંગણીઓ રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

પૂરક માંગણીઓ પ્રમાણે જોઇએ તો, સહકારી ધિરાણ માળખાની સંસ્થાઓ દ્વારા ખેડૂતોને અપાતા નાણાકીય ધિરાણમાં વ્યાજ સહાય, રાજ્યની નબળી બજાર સમિતિઓને રીસ્ટ્રક્ચરીંગ માટે વન ટાઈમ સહાય પેકેજ, સહકારી મંડળીઓની કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન, આરોગ્યને લગત માળખાકીય સુવિધાઓ, વિવિધ ઔધોગિક યોજનાઓને સહાય આપવા, રાજ્ય આપત્તિ સંચાલન સત્તાતંત્ર, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓને તેમજ નગરપાલિકાઓને સહાયકી અનુદાન વગેરેના કારણે વધારાનો ખર્ચ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી સરકાર અન્નદાતાઓની છે. તેથી જે ખેડૂતો રૂ. ૩.૦૦ લાખ સુધીનું પાક ધિરાણ સમયસર પરત ભરતા હોય તેમને કેન્દ્ર સરકાર ૩% અને રાજ્ય સરકાર ૪% વ્યાજ સહાય આપે છે. આ રીતે અમારી ખેડૂત હિતલક્ષી સરકારમાં ખેડૂતોને વિના વ્યાજે એટલે કે ઝીરો ટકા વ્યાજથી પાક ધિરાણ પ્રાપ્ત થાય છે. આ અન્વયે વિવિધ બેંકો તરફથી વ્યાજ સહાય માટે મળતી દરખાસ્તોને ધ્યાને લેતા વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂા.૧૩૮૯ કરોડ જેટલો ખર્ચ થવાની સંભાવના છે. આમ, અમારી સરકાર દ્વારા ખેડૂતોને જરૂરી ધિરાણ ઉપલબ્ધ કરાવવા વ્યાજ સહાય આપવા માટે કરવાપાત્ર ખર્ચ અનિવાર્ય હોઈ વધારાનો ખર્ચ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે **રાજ્યમાં ૨૨૪ બજાર સમિતિઓ કાર્યરત** છે. બજાર સમિતિમાં માળખાગત સુવિધાઓ ઉભી થાય અને તેનો સીધો લાભ ખેડૂતો અને બજાર સમિતિઓને મળે તે માટે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ થકી સહાય પણ પૂરી પાડે છે.

આથી ખેડૂતોના વિશાળ હિતોને ધ્યાને લઇને **બજાર સમિતિઓના રીસ્ટ્રકચરીંગ માટે** વનટાઇમ પેકેજ માટે સને ૨૦૨૨-૨૩ માં રૂ.૨૦ કરોડની યોજના જાહેર કરવામાં આવેલ હતી. જેના માટે આ ખર્ચ કરવામાં આવેલ છે.

ભારત સરકારના સહકારીતા મંત્રાલય દ્વારા રજિસ્ટ્રાર, **સહકારી મંડળીઓની કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશનની કેન્દ્રીય પુરસ્કૃત યોજના** જાહેર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરીઓ માટે આઈ.ટી. હાર્ડવેર, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા સોફ્ટવેર ડેવલપમેન્ટ અને ૨.૫ વર્ષ સુધી સોફ્ટવેર મેઈન્ટેનન્સ માટે ખર્ચની જોગવાઈ કરવાની થાય છે. સહકારી મંડળીઓનો વ્યાપ વધારવાની સાથે સાથે આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવા માટે અનિવાર્ય એવા ખર્ચને આ સન્માનનીય ગૃહની મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યના તમામ વિસ્તારના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા અમારી સરકાર કટિબદ્ધ છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓની સાથોસાથ રેફરલ અને સુપર સ્પેશિયાલિટી સુધીની

આરોગ્યલક્ષી સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. રાજય સરકારે માતૃ અને બાળકલ્યાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી આરોગ્ય સેવાઓને વધુ સઘન અને સુલભ કરેલ છે.

માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળની અમારી સરકારે નાગરિકોને આરોગ્ય સુરક્ષા કવચ પુરૂ પાડવા માટે PMJAY-મા યોજના અમલી બનાવેલ છે. જે અંતર્ગત કુટુંબ દીઠ રૂા.૧૦ લાખ સુધીની સહાય કુલ ૨૪૭૧ પ્રોસીજર માટે આપવામાં આવે છે. આ યોજનામાં રાજયના અંદાજે ૨.૩૬ કરોડ નાગરિકોને સમાવવામાં આવેલ છે. અમારી સરકાર આવી ઉમદા યોજના માટે રૂા.૩૧૦૦ કરોડ કરતાં પણ વધુ ખર્ચ કરી રહી છે.

રાજયના ગ્રામ્ય વિસ્તારમાં મુખ્યત્વે પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રો - એમ ત્રિસ્તરીય રીતે આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે.

ગુજરાત ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો સાથે અન્ય રાજયોની સરખામણીમાં અગ્રીમ હરોળમાં છે.

તેમજ શહેરી વિસ્તારોમાં સમગ્ર રાજ્યમાં કુલ ૪૧૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૨૪ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો દ્વારા તમામ પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ રીતે સમગ્ર રાજયમાં ફેલાયેલ વિશાળ આરોગ્યતંત્રના માળખાને લીધે આપણે કોરોના મહામારીનો અસરકારક રીતે સામનો કરી શકયા છીએ.

રાજયમાં ગરીબલક્ષી અગરીયા, આદિજાતિ, સરહદી વિસ્તાર, સાગરખેડુ સર્વાંગી વિકાસ હેઠળ કુલ ૧૨૮ જેટલા મોબાઇલ કોમ્પ્રીહેન્સીવ હેલ્થ કેર યુનિટો મંજુર કરવામાં આવેલ છે.

આ સન્માનીય સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, રાજયમાં સને.૨૦૦૩ માં ૧૧ મેડીકલ કોલેજો હતી અને આજે ૪૦ મેડીકલ કોલેજો છે. આજે મેડીકલ કોલેજોમાં સ્નાતકની ૭૦૫૦ બેઠકો તથા અનુસ્નાતકની ૨૭૬૧ બેઠકો થયેલ છે. જે ભવિષ્યમાં ઉભી થનાર આરોગ્યની જરૂરીયાતને પહોંચી વળવા માટે અમારૂં આગોતરૂં આયોજન દર્શાવે છે.

રાજયમાં ૫૮૦ આયુર્વેદ દવાખાના, ૨૭૩ હોમીયોપેથી દવાખાના, ૩૮ આયુર્વેદ હોસ્પિટલો અને ૧- હોમીયોપેથી હોસ્પિટલ તેમજ ૫ આયુર્વેદ કોલેજો અને ૧ હોમીયોપેથી કોલેજ તથા ૨ સરકારી આયુર્વેદ ફાર્મસીઓ આવેલી છે. આ ક્ષેત્રમાં ઉત્તરોત્તર વિકાસ કરી આયુષની સેવાઓ રાજ્યની જાહેર જનતા સુધી પહોંચડાવાના ઉદ્દેશથી વિવિધ પ્રકારની કામગીરીઓ કરવામાં આવે છે.

૧૦૮ એમ્બ્યુલન્સ સેવા થકી અંદાજે દરરોજ સરેરાશ ૩૩૦૦ થી ૩૫૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. આ ઉપરાંત, મને જણાવતા આનંદ થાય છે કે ૧૦૮ નંબર પર આવેલા ૯૯% જેટલા ફોન કોલને પ્રથમ બે રીંગમાં જ પ્રતિસાદ આપવામાં આવે છે જે આંતરરાષ્ટ્રીય ધોરણો કરતાં પણ વધુ સારી ગુણવતા દર્શાવે છે.

રાજય સરકાર ટી.બી. અને રકતપિત રોગના નિર્મૂલન માટે મિશન મોડ પર કાર્ય કરે છે. સાથેસાથે મેલેરીયા, ડેગ્યુ, ચિકનગુનિયા તેમજ ફાઇલેરીયા જેવા રોગોને નિયંત્રણમાં રાખવા અમે અનેક કાર્યક્રમો અમલમાં મૂકયાં છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તંદુરસ્ત ગુજરાતના નિર્માણ માટે અમે સંકલ્પબધ્ધ છીએ.

આમ, આવી વિશાળ વ્યાપ ધરાવતી અને ખુબ મોટા માસને આવરી લેતી આરોગ્યલક્ષી સેવાઓ મારફતે સર્વે ભવન્તુ સુખીન, સર્વે સન્તુ નિરામયા ના સુત્રને સાર્થક કરવા નિયત જોગવાઇ કરતાં વધુ ખર્ચ થાય તો પણ સૌને સ્વીકાર્ય હોય એમ હું દૃઢપણે માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

અમારી સરકારનું ધ્યેય ખેડૂતોની સાથેસાથે મોટા પ્રમાણમાં રોજગારી પેદા કરતાં ઉધોગોનો પણ સમાંતરે વિકાસ કરવાનું છે. આથી અમે રાજ્યના ઔદ્યોગિક ઉત્પાદનમાં સતત વધારો થતો રહે તેમજ રોજગારીની બહુવિધ તકોના સર્જન અર્થે વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મુકેલ છે. જે અંતર્ગત **ટેક્ષટાઇલ અને એપરલ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ટેક્ષટાઇલ પોલિસી – ૨૦૧૨, ગુજરાત ગારમેન્ટ અને એપરલ પોલીસી–૨૦૧૭ અને ટેક્સટાઈલ વેલ્યૂ ચેઇનમાં સમાવિષ્ટ ખાસ ક્ષેત્રોને સુદ્રઢ કરવા માટેની સહાય યોજના** અમલમાં છે.

કોઇપણ લાભાર્થી સહાય મળવાથી વંચિત ન રહે તે માટે વર્ષ ૨૦૨૩-૨૪માં સહાયની ચુકવણી અંગે વધુ જોગવાઈની જરૂરિયાત ઉદભવેલ છે.

મોટા કદનાં ઉદ્યોગોને સહાય માટે **ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના, મેગા/ઈનોવેટીવ પ્રોજેકટસને સહાય યોજના, કેપીટલ સબસીડી ટૂ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ થ્રસ્ટ સેકટર, આત્મનિર્ભર ગુજરાત યોજના** વગેરે યોજનાઓનો સમાવેશ થાય છે.

કોવિડ જેવી વૈશ્વિક મહામારીના સમયમાં અને ત્યારબાદ પણ આપણા ઉદ્યોગો મક્કમતાથી “આત્મનિર્ભર ગુજરાત” થી “આત્મનિર્ભર ભારત”ની યાત્રામાં અગ્રેસર છે. આવી વિકટ પરિસ્થિતિ બાદ પણ રાજ્યમાં વિપુલ પ્રમાણમાં રોજગારીનું સર્જન થયેલ છે અને વિવિધ ઉદ્યોગો રાજ્યમાં આવી અને ઉત્પાદન કરી રહ્યા છે. પરિણામે, રાજ્યનું અર્થતંત્ર વધુ સુદ્રઢ બનેલ છે.

આ યોજનાઓ હેઠળ વ્યાજ સહાય, NET VAT / SGST રીએમ્બર્સમેન્ટ, પાવર ટેરીફ, સ્કીલ ડેવલોપમેન્ટ માટે ખર્ચ કરવામાં આવે છે.

કોઇપણ એકમને અપાતી સહાયની રકમ શરૂઆતના વર્ષો કરતાં પાછળના વર્ષોમાં વધતી હોય છે. તેમજ આ યોજનાઓ હેઠળ લાભાન્વિત મોટા ભાગના એકમોને ઉત્પાદન શરૂ કર્યાને બે-ત્રણ વર્ષ થઇ ગયેલ હોઇ, યોજનાના અમલીકરણના શરૂઆતના વર્ષ કરતાં બે-ત્રણ ગણી વધુ બજેટની જરૂરિયાત રહે છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત - વિકસીત ભારત @ 2047ના વિઝનને સાકાર કરવા **માટે રાજ્યમાં**

**મૂડીરોકાણને વેગ આપવા અને તેના થકી રોજગારીને પ્રોત્સાહન મળી રહે તે માટે જરૂર જણાય ત્યાં** બજેટમાં વધારાની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજ્યમાં **જુન-૨૦૨૩ દરમ્યાન આવેલ બિપોરજોય** વાવાઝોડાના કારણે રાજ્યના દરિયાકિનારાના જિલ્લાઓ પ્રભાવિત થયેલ હતાં. આપ સૌ સાક્ષી છો કે, આ ભયાનક વાવાઝોડા સમયે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળના અભૂતપૂર્વ આયોજનના કારણે કોઇ જાનહાની થયેલ ન હતી.

ફકત ૭૦ કલાકની અંદર ઊર્જા વિભાગે વીજ વિતરણ શરૂ કરી અભૂતપૂર્વ કામગીરી કરી છે.

પરંતુ આવા વાવાઝોડામાં સંપત્તિનું નુકશાન અટકાવવું મુશ્કેલ હોય છે. પણ અમે સંપત્તિના નુકશાનને ભરપાઇ કરવા માટે જરૂર જણાય ત્યાં પૂરક જોગવાઇ મારફતે વધુ ખર્ચ કરી પ્રજાહિતને પ્રાધાન્ય આપેલ છે.

બિપોરજોય વાવાઝોડાના કારણે પ્રભાવિત થયેલ **રાજ્યના ૧૦ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારમાં** સંપૂર્ણ કે આંશિક રીતે નૂકશાન પામેલા રહેણાંકના મકાનોના પુન:સ્થાપન માટે રાજ્ય સરકાર દ્વારા **સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ** ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી ખાસ કિસ્સા તરીકે વધારાની સહાય આપવા અંગે નિર્ણય કરેલ.

ખેડૂતોના ખેતી/બાગાયતી પાકો ને થયેલ નુકશાન અંગે રૂ. ૫૨ કરોડ ની સહાય ચુકવવામાં આવેલ છે. સપ્ટેમ્બર- ૨૦૨૩ માં થયેલ **ભારે**

**વરસાદના કારણે ખેતી અને બાગાયતી પાકોમાં થયેલ નુકશાની માટે રૂ. ૮૫ કરોડ ની સહાય** ચુકવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૩ દરમ્યાન જાહેર મિલકતોને થયેલ નુકશાનનું સત્વરે પુન:સ્થાપન કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને ૨૨૦ કરોડ, પંચાયત વિભાગને રૂ. ૨૮ કરોડ, શહેરી વિકાસ વિભાગને ૧૦ કરોડ, શિક્ષણ વિભાગને રૂ. ૯ કરોડ તથા માર્ગ અને મકાન વિભાગને રૂ. ૪૨૬ કરોડ ચુકવી આપવામાં આવેલ છે.

આમ, જુદા-જુદા રાહત કાર્યોના ખર્ચમાં વધારો થવાના કારણે સને ૨૦૨૩-૨૪ના વર્ષની પૂરક માંગણીમાં વધારો થવા પામેલ છે. **કુદરતી આપદાઓ સામે જરૂરી એવા આ અગત્યના ખર્ચ કરવામાં આવેલ છે.**

માનનીય અધ્યક્ષશ્રી,

**Ease of Living** વધારવા માટે ભૌતિક તેમજ સામાજિક આંતર માળખાકીય સુવિધાઓને અપગ્રેડ કરવી અતિ આવશ્યક છે. આજે ગુજરાતની આશરે ૫૦ ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરે છે, આથી શહેરી વિસ્તારોમાં પ્રજાની સુવિધાઓના વિકાસ માટે માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર હંમેશા કટીબધ્ધ છે.

મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી સત્તામંડળોમાં પાયાની માળખાકિય સુવિધાઓ માટે અમલમાં મુકેલ **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭ સુધી ચાલુ રાખવા નિર્ણય કરવામાં આવેલ છે.** જે અંતર્ગત પાણી પુરવઠાના, ભૂગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય તેમજ આગવી ઓળખના કામો જેવા કે પાર્કસ/ગાર્ડન,

સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ, ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા માળખાકીય સુવિધાના કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે. આ યોજના માટે રૂ.૮૧૧૦ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા તા. ૧ ઓકટોબર ૨૦૨૧નાં રોજ નવી દિલ્હી **ખાતેથી સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ લોન્ચ** કરવામાં આવેલ છે. જે અંતર્ગત **સસ્ટેનેબલ સેનીટેશન**, **સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વેસ્ટ વોટર મેનેજમેન્ટ, ઓપન ડિફેકેશન ફ્રી (ODF), પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ તથા કેપેસીટી બિલ્ડીંગ** જેવા કામો માટે આયોજન કરવામાં આવેલ છે.

**શહેરી જીવનની ગુણવત્તા સુધારવા અમૃત અને અમૃત ૨.૦ મિશન યોજનામાં** માળખાકીય પાયાની સુવિધાના વિવિધ કામો જેમાં પાણી પુરવઠો, ભૂગર્ભ ગટર યોજના, ગાર્ડન અને તળાવોના નવીનિકરણના નિર્માણ વિગેરેની કામગીરી માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂા.૧૪૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**નેશનલ રીવર કન્ઝર્વેશન પ્લાન હેઠળ સુરતમાં તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ** માટે રૂ. ૨૫૦ કરોડ ની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે અંતર્ગત તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઈન્ટરસેપ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે પાલ-ગૌરવપથ ખાતે ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના નવા

સુએઝ પંપીંગ સ્ટેશન માટેની સીવીલ-ઈલેક્ટ્રીકલ-મીકેનીકલ વર્ક, ગ્રેવીટી લાઈન, રાઈઝીંગ મેઈન લાઈનના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

આમ, લોકકલ્યાણને સમર્પિત એવી અમારી સરકારે જનહિત માટે ખુબ જ અગત્યના અને જરૂરી એવા ખર્ચ માટે જે વિશેષ જોગવાઈઓ પૂરક માંગણીઓનાં સ્વરૂપમાં આ ગૃહ સમક્ષ રજૂ કરેલ છે તેને સર્વાનુમતે પસાર કરવા અને માનનીય સભ્યશ્રીઓને તેઓએ રજૂ કરેલ કાપ દરખાસ્તો પરત ખેંચવા માટે હું અનુરોધ કરું છું.

જય જય ગરવી ગુજરાત....